# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ‘‘વિજેતા’’ પ્રાર્થના કેલેન્ડર - ડિસેમ્બર, ૨૦૨૨

### પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) એક ટુકડો પૂરતો નથી : કોલસાના એક ટુકડાથી સળગાવવું શક્ય નથી. તમારે ઘણા ટુકડાની જરૂર પડે જે એકસાથે સળગી શકે. એક ખ્રિસ્તી તરીકે તમારા જીવનમાં પણ એવું જ છે. અન્ય વિશ્વાસીઓ સાથેની સંગત જે તમારા વિશ્વાસને સળગતો રાખવામાં મદદ કરે છે તે માટે ઈશ્વરનો આભાર. (હિબ્રુ ૧૦:૨૩-૨૪)

(૨) સત્ય પ્રમાણે જીવો : ખ્રિસ્તના અનુયાયી તરીકે તમે જગત માટે જીવંત અને દેખીતી સાક્ષી છો. ઈસુ વિના જીવનારા લોકો તમને ખુલ્લા પુસ્તકની જેમ ‘‘વાંચે’’ છે. પ્રાર્થના કરો કે તમારું જીવન ખ્રિસ્તના પ્રેમ અને કરુણા માટે મજબૂત સાક્ષી બને. ‘‘કેમ કે આપણે તેની કૃતિ છીએ .....’’ (એફેસી ૨:૧૦)

(૩) સત્યને પ્રગટ કરો : જ્યારે પણ ઈશ્વર તમને તક આપે ત્યારે તમારી સાક્ષી આપવા માટે તમને હિંમત મળે માટે અને દેવના રાજ્યના સારા એલચી બનવા માટે ડહાપણ આપે તે માટે પ્રાર્થના કરો. ‘‘જેઓ બહાર છે, તેઓની સાથે ડહાપણથી વર્તો ......’’ (કલોસ્સી ૪:૫)

(૪) તમે અજવાળુ છો : જગત સુવાર્તા માટે વધુને વધુ પ્રતિકૂળ થઈ રહ્યું છે, પરંતુ યાદ રાખો કે જ્યારે વધારે અંધારું થાય છે ત્યારે અજવાળુ પણ વધારે જોવા મળે છે. ઈશ્વરનો આભાર માનો કે પ્રકાશ હંમેશા સૌથી ઊંડા અંધકાર કરતાં પણ વધુ મજબૂત રહેશે. ‘‘જગતનું અજવાળુ હું છું; જે કોઈ મારી પાછળ આવે છે તે અંધકારમાં નહિ ચાલશે .....’’ (યોહાન ૮:૧૨)

(૫) ઈશ્વરનો ઈરાદો : હે ઈશ્વરપિતા, દરેક વ્યક્તિ મારો ઉપયોગ અથવા દુરુપયોગ કરવાનો ઈરાદો રાખે છે. જો કે, તમારો ઈરાદો સ્પષ્ટ છે. તમે મને ચાહો છો અને મારા માટે શ્રેષ્ઠ ઈચ્છો છો. તેથી, હું મારું જીવન તમને સોંપું છું. મને બધી બાબતોમાં તમને જોવાનું તથા બધી બાબતોમાં તમારા પર વિશ્વાસ કરવા સહાય કરો કે જેથી હું બધી બાબતો દ્વારા તમારી ભલાઈનો અનુભવ કરી શકું. (યર્મિયા ૨૯:૧૧)

(૬) સ્વીકૃતિ : વ્હાલા ઈશ્વર, ખાસ કરીને જ્યારે તમે મને નકાર્યો છે, એવું મને લાગે છે, ત્યારે ખરેખર અસ્વીકાર અઘરો બને છે, પરંતુ એફેસી ૧:૬ સ્પષ્ટ જણાવે છે કે એકવાર હું ખ્રિસ્તને સ્વીકારું છું પછી મને ખ્રિસ્ત સાથે એકતામાં લાવવામાં આવે છે. તમે મને ખ્રિસ્તને લીધે સ્વીકારો છો. મારા કાર્યોથી નહિ પણ કૃપાથી મને સ્વીકાર્યો છે, પરંતુ ખ્રિસ્તના કાર્યો જે મારામાં વસે છે તે દ્વારા સ્વીકારવામાં આવ્યો છું.

(૭) માફી : વ્હાલા ઈશ્વર, મને ખ્યાલ આવ્યો કે શા માટે મને બીજાઓને માફ કરવામાં આટલો અઘરો સમય લાગે છે. મને તમારી માફી ક્યારેય મળી નથી, જેથી તમે મને બીજાઓને માફ કરવા સક્ષમ બનાવી શકો. ખ્રિસ્તના વધસ્તંભને કારણે તમારી માફી એક ભેટ છે. હું મારા પાપોને સ્વીકારું છું અને તમારી માફી પામું છું. મને માફ કરવા બદલ તમારો આભાર.

(૮) વારસો : હે ઈશ્વર, તમે ખ્રિસ્તમાં મને અદ્‌ભુત વારસો પૂરો પાડ્યો છે. ખ્રિસ્તમાં વિશ્વાસ કરવો એ મારો હક છે. પ્રભુ, તમે મારો ભાગ છો, મારું સર્વસ્વ તમે છો. મારી પાસે તમારામાં બધું છે. હે ઈશ્વર, તમારો આભાર કે ખ્રિસ્ત સાથેના મારા જોડાણને લીધે મને ભવ્ય વારસો મળ્યો છે. (એફેસી ૧:૧૧-૧૨)

(૯) ખાતરી : મારો વારસો કેવળ ભવિષ્યનું વચન નહિ, પણ વર્તમાનની વાસ્તવિકતા છે તે માટે તમારો આભાર. આશીર્વાદિત પવિત્ર આત્મા દ્વારા મને તમારું જીવન આપીને તમે મને વારસો આપ્યો છે. જે ક્ષણે હું માનતો હતો કે હું તમારી સાથે એક આત્મા બની ગયો છું. મારો વારસો મારા અનંતકાળ સાથે પૂરો થશે. (એફેસી ૧:૧૩-૧૪)

(૧૦) નિડર : વ્હાલા ઈશ્વર, માણસનો ભય મોટો છે. મને એવું લાગે છે કે કોઈ હંમેશા મને પકડવા માગે છે. મારે સતત સાવચેત રહેવું જોઈએ એવું લાગે છે. તમે મારી ઢાલ અને રક્ષણ કરનાર છો. મને મારા ડરથી છોડાવવા અને દરેક બાબતનો સામનો કરવા માટે મને હિંમત આપવા બદલ આભાર. (હિબ્રુ ૧૩:૬)

(૧૧) તમે કોણ છો ? : સાંસ્કૃતિક ખ્રિસ્તી ધર્મ અથવા ખ્રિસ્તના ગુણોના શ્રેષ્ઠ અનુકરણમાં આત્મિક શક્તિ નથી. ફક્ત આપણામાં ખ્રિસ્તનું જીવન જ ફરક પાડશે. અંધકારની શક્તિઓ તફાવત જાણે છે અને અધિકારના અભાવની મજાક કરે છે. ''હું, ઈસુ અને પાઉલને જાણું છું, પણ તમે કોણ છો ?'' (પ્રે.કૃત્યો ૧૯:૧૫)

(૧૨) તમને કઈ બાબત પ્રેરણા આપે છે : મિત્ર, આપણે બધા આપણી પસંદગીઓ માટે જવાબદાર છે. તમે જે વિચારો છો અને ચિંતન કરો છો તેમાં ચાલાક અને યોગ્ય પસંદ કરનાર બનો. પોર્નોગ્રાફીમાં મોટાભાગના પુરુષો ફસાય છે, પરંતુ તમે દુષ્ટતાનો સામનો કરો અને ઈશ્વરને જે ગમે તે વિચારો અને કરો. ''પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ, કેમ કે તેમાંથી જ જીવનનો ઉદ્‌ભવ છે.'' (નીતિવચનો ૪:૨૩)

(૧૩) રાજ્યની વિચારધારા : પ્રભુ ઈસુએ કહ્યું, મારું રાજ્ય આ જગતનું નથી. (યોહાન ૧૮:૩૬) પ્રભુ ઈસુ ખ્રિસ્તે આ પૃથ્વી પર સરળ જીવનનું વચન આપ્યું નથી. તેનાથી વિપરીત જેઓ આ યુગના રાજકુમારના તાત્કાલિક ફાયદાને નકારવા તૈયાર છે તેઓને ઈસુ ખ્રિસ્ત અનંતજીવન આપે છે. ખ્રિસ્તના રાજ્યના શિષ્ય અને ઈશ્વરના ખરા ભજનિક બનવા માટે પ્રાર્થના કરો.

(૧૪) સમર્પિત અથવા આધીન : પિતરે કહ્યું કે, જો કે તારી સાથે મારે મરવું પડે તો પણ હું તારો નકાર નહિ જ કરીશ. પિતરની જેમ, ઘણા માણસો ખ્રિસ્તને પોતાનું સર્વશ્રેષ્ઠ આપવા માટે તૈયાર હોય છે, પરંતુ તે પછી તે નિષ્ફળ જાય છે. પાછળથી જ્યારે પિતરે પોતાની જાતને ઈશ્વરને સોંપી દીધી અને પવિત્ર આત્માથી ભરપૂર થયો ત્યારે ઈશ્વરે તેનો જોરદાર ઉપયોગ કર્યો. આવો તેમની પાસેથી શીખીએ.

(૧૫) તમે કોની ભક્તિ કરશો ? : ''તેઓ મારી ફોકટ ભક્તિ કરે છે. કેમ કે પોતાના મત તરીકે તેઓ માણસોની આજ્ઞાઓ શીખવે છે.'' (માથ્થી ૧૫:૯) આધુનિક વિચારસરણી પ્રમાણેના ઈશ્વરમાં વિશ્વાસ કરવો વ્યર્થ છે. ખ્રિસ્ત પ્રત્યેના તમારા પ્રેમને તેમના શિક્ષણનું પાલન કરીને સાબિત કરો. પવિત્ર શાસ્ત્રના ઈશ્વરની ભક્તિ કરનાર વ્યક્તિ બનો. (યોહાન ૧૪:૨૩) જ્યારે પાપને સ્વીકાર્ય વર્તણૂંક તરીકે જાહેર કરવામાં આવે છે ત્યારે તેની સાથે સહમત થશો નહિ.

(૧૬) નમ્રતા એ નબળાઈ નથી : ''...... અને મારી પાસે શીખો કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું.'' (માથ્થી ૧૧:૨૯) કોઈપણ વ્યક્તિ ઈસુ ખ્રિસ્ત કરતાં વધુ ચારિત્ર્ય, ગુણો અને શક્તિ ધરાવતું નથી. પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, નમ્રતા તથા સંયમ - આત્માના ફળ આપનાર વ્યક્તિ બનવા માટે પ્રાર્થના કરો.

(૧૭) અનંતકાળિક દૃષ્ટિકોણ : ''માણસ આખું જગત મેળવે ને પોતાના જીવની હાનિ પામે તો તેને શો લાભ ?'' (માથ્થી ૧૬:૨૬) દૈહિક મનુષ્યએ અનંતકાળિક દૃષ્ટિકોણ ગુમાવ્યો છે. (૧ કરિંથી ૨:૧૪) કાયમી મૂલ્યોની પરખ અને સમજણ માટે પ્રાર્થના કરો. તમારી ઈચ્છા ઈશ્વરને સ્વાધીન કરો અને તમારા જીવનો વિશે ઈશ્વરને નિર્ણય લેવા દો.

(૧૮) ચારિત્ર્ય ઘડતર : જેમ એક રમતવીર ઈનામ જીતવા માટે ખંતથી તાલીમ લે છે, એમજ ચારિત્ર્યવાન માણસ સતત યોગ્ય પસંદગી કરવાની શિસ્તને આધીન રહે છે. ''..... જેઓની ઈન્દ્રિયો ખરુંખોટું પારખવામાં કેળવાયેલી છે.'' (હિબ્રુ ૫:૧૪) ઈશ્વરને માન આપનાર અને તેના કુટુંબ અને મિત્રોને પ્રેરણા આપનાર વ્યક્તિ બનવા માટે પ્રાર્થના કરો.

(૧૯) ઉદાહરણરૂપ બનો : ગેરહાજર પિતાઓના દિકરાઓથી જેલો ભરેલી છે. બાળકોને અનુસરવા માટે ઉદાહરણોની જરૂર છે. પ્રેરિત પાઉલની જેમ તમારા બાળકો અને અન્ય લોકો માટે ઉદાહરણરૂપ બનવા માટે પ્રાર્થના કરો. ''જેમ હું ખ્રિસ્તને અનુસરનારો છું, તેમ તમે મને અનુસરનારા થાઓ.'' (૧ કરિંથી ૧૧:૧)

(૨૦) તમારા માટે કોણ રડે છે ? : જ્યારે યહૂદિયાનો રાજા યહોરામ જેણે ઈશ્વર વિરુદ્ધ બળવો કર્યો અને તેના પોતાના લોકોને ભારે નુકસાન કર્યું હતું, તે મરણ પામ્યો, ત્યારે કોઈએ તેના માટે શોક કર્યો નહિ. (૨ કાળવૃત્તાંત ૨૧:૨૦) કેટલું કરુણ ! આપણે આપણી પાછળ શું મૂકીને જઈએ છીએ ? આપણા જીવનની મહેનતનું શું ફળ અથવા લાભ હોય છે ? તમારા દ્વારા બીજાને આશીર્વાદ મળે માટે ઈશ્વરની દયા અને પ્રેમ માટે પ્રાર્થના કરીએ.

(૨૧) કામ : ઈશ્વર આપણને કામનો આશીર્વાદ અને ઉત્પન્ન કરવાની શક્તિ આપે છે. આ રીતે આપણે આપણા કુટુંબનું ભરણપોષણ કરીએ છીએ. જે સારુ હોય તે કરો અને અન્ય લોકો સાથે વહેંચો. (એફેસી ૪:૨૮) હે પ્રભુ, મારા હાથ અને મનને કામ કરવા માટે સશક્ત કરવા બદલ તમારો આભાર માનું છું. તમારા પૂરવઠા માટે આભાર ! જેઓને નોકરીની જરૂર છે તેમના માટે અમે મધ્યસ્થી કરીએ છીએ. કૃપા કરીને તેમના માટે નોકરીના દ્વાર ખોલો.

(૨૨) યાદ રાખો : પવિત્ર આત્મા, દેવનું વચન અને શિક્ષણ આપણા સ્મરણમાં લાવે છે (યોહાન ૧૪:૨૬). એક સમયે જેઓને ઈશ્વરના માર્ગો શીખવ્યા હતા અને તેમનાથી દૂર જતા રહ્યા છે, તેઓના હૃદયમાં હજી પણ વચન કોતરાયેલું છે. હે પવિત્ર આત્મા, કૃપા કરીને તેમને તમારું વચન યાદ કરાવો અને ઈશ્વર પ્રત્યેનો તેમનો પ્રેમ નવો કરાવો.

(૨૩) પ્રભાવ : ઈસુ કહે છે કે તેમના અનુયાયીઓ મીઠું અને પ્રકાશ છે. તેઓ તેમના વાતાવરણને સ્વાદ અને જીવનથી પ્રભાવિત કરે છે. ખ્રિસ્તી માણસો તરીકે જેઓ આપણી પાસે રહે છે તેમને અસર પહોંચાડવાનો આપણને અધિકાર (હક) છે. પ્રાર્થના કરો કે તમે તમારા કુટુંબ અને કાર્યસ્થળમાં જે રીતે રહો છો તે ઈશ્વરના પ્રેમની ખાતરીપૂર્વકની સાક્ષીરૂપ અને અન્ય લોકો માટે પ્રેરણારૂપ બને. (યોહાન ૧૩ઃ૩૫)

(૨૪) સ્વીકારવાનો સમય : "તે જગતમાં હતો, અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તો પણ જગતે તેને ઓળખ્યો નહિ. તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના લોકોએ તેનો અંગીકાર કર્યો નહિ." (યોહાન ૧ઃ૧૦,૧૧) નાતાલે ઈસુ ખ્રિસ્ત તેમના સર્જનના ઉદ્ધારકર્તા તરીકે આ જગતમાં આવ્યા. સૌથી મહાન ભેટ ઈસુ ખ્રિસ્ત, તેમનામાં ઉજવણી કરો.

(૨૫) મંજુરી મેળવવાનો અધિકાર : "પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો." (યોહાન ૧ઃ૧૨) આપણી પાસે જે કંઈ છે, કરીએ છીએ કે જાણીએ છીએ તે નહિ, પણ આપણે કોણ છીએ તે આપણો અનંતકાળ નક્કી કરશે. પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમારા તારણહાર અને ઈશ્વર તરીકે સ્વીકારીને શ્રેષ્ઠ પસંદગી કરો અને તમારી નવી ઓળખને સ્વીકારો.

(૨૬) આરાધના : ગી.શા. ૨૪ આપણને ઈશ્વરના મંદિરમાં શુદ્ધ હાથ અને નિર્મળ હૃદયથી આરાધના કરવા આમંત્રણ આપે છે. જ્યારે આપણે પ્રભુ ઈસુમાં વિશ્વાસ કરીએ છીએ, ત્યારે આપણે તેમની કૃપાથી પવિત્ર અને સર્વ પાપોથી શુદ્ધ થઈએ છીએ. પછી ઈશ્વર આપણને પતિ અને પિતા તરીકે, આપણને આપણા ઘરને આરાધનાનું સ્થળ બનાવવા અને મંડળીમાં તેમના લોકો સાથે સંગતમાં આપણા પરિવારને દોરી જવા તક આપે છે.

(૨૭) પ્રેમ : ઘણાં માતા પિતા પોતાના બાળકોને કેવી રીતે ઉછેરવાં તેના બહુવિધ સિદ્ધાંતો અને વિચારધારાઓથી મુંઝવણમાં હોય છે. બાળકો માટે માતાપિતાના પ્રેમમાં માર્ગદર્શન, સુધારણા અને શિસ્તનો સમાવેશ થાય છે. જ્યારે બાળકને યોગ્ય માર્ગદર્શન આપવામાં નિષ્ફળ જવાય છે ત્યારે નીતિવચનો ૨૯ઃ૧૫માં તેના પરિણામોની ચેતવણી આપવામાં આવી છે. માતાપિતાને બાઈબલની સૂચનાઓનું પાલન કરવાની હિંમત મળે તે માટે પ્રાર્થના કરો.

(૨૮) ક્રિયા : પોર્નોગ્રાફીએ ખ્રિસ્તીઓ સહિત ઘણા લગ્નજીવનો પર હુમલા કર્યા છે અને નુકસાન કર્યું છે. એફેસી ૬ઃ૧૩ આપણને હથિયારોથી સજ્જ થવાનું અને અને લડવાનું કહે છે. ઈશ્વર આપણને આપણા લગ્ન સંબંધોમાં શુદ્ધતા અને પવિત્રતા લાવવા માટે તેડું આપે છે. હે ઈશ્વર, પુરુષોને તેમની પત્નીના પ્રેમ માટે લડવા અને પોર્નોગ્રાફીના પરીક્ષણનો નકાર અને સામનો કરવા સહાય કરો.

(૨૯) વિચારોને વશ કરવા : "અમે વિતંડાવાદોને તથા દેવના જ્ઞાનની વિરુદ્ધ જે કંઈ માથું ઊંચકે છે તેને તોડી પાડીએ છીએ, અને દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ." (૨ કરિંથી ૧૦ઃ૫) આ જગતની રીત જગતના રાજકુમારની ખોટી રજુઆતો છે. ખ્રિસ્તને તમારા મનનું નવીનીકરણ કરવા દો (રોમન ૧૨ઃ૨) અને ઈશ્વરીય ડહાપણથી વિચારો, સમજો અને દલીલ કરો.

(૩૦) વચન સાથે વિચારો : "છેવટે, ભાઈઓ, જે કંઈ સત્ય, જે કંઈ સન્માનપાત્ર, જે કંઈ ન્યાયી, જે કંઈ શુદ્ધ, જે કંઈ પ્રેમપાત્ર, જે કંઈ સુકીર્તિમાન છે, જો કોઈ સદ્ગુણ કે જો કોઈ પ્રશંસા હોય તો આ બાબતોનો વિચાર કરો." (ફિલીપ્પી ૪ઃ૮) અને મારા ભાઈઓ, જો તમે આ કરશો તો શાંતિનો દેવ તમારી સાથે રહેશે.

(૩૧) નવું ગીત ગાઓ : "યહોવાની આગળ નવું ગીત ગાઓ, કેમ કે તેણે આશ્ચર્યકારક કૃત્યો કર્યા છે, તેના જમણા હાથે તથા તેના પવિત્ર ભુજે પોતાને સારુ વિજય મેળવ્યો છે." (ગી.શા. ૯૮ઃ૧) ઈસુ ખ્રિસ્તે વધસ્તંભે પાપનું ઋણ ચૂકવ્યું અને અંધકાર અને મૃત્યુની શક્તિઓ પર વિજય મેળવ્યો. હે પુરુષ, ૨૦૨૩ના વર્ષમાં તમારા પરિવાર માટે આશાનું લંગર બનો અને ઈશ્વરની સ્તુતિ ગાઓ.

***આપને તથા આપના કુટુંબને નાતાલ તથા નવા વર્ષની પ્રેમી સલામ.***

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા
પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨
**M. No. : 9327621391**
**Free MP3 download : radio882.com, twr media app**
**FB : https://www.facebook.com/twrgujarati/**
**Youtube : youtube.com/c/twrindiagujarati**




**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**
**Gujarati TV Program : GTPL Channel No. 555, Time : 07:00 to 07:30 (Morning)**